# પ્રથમ સ્પર્ધાત્મક ભરતી પરીક્ષા અંગે અગત્યની સૂચનાઓ અને

## સમયપત્રક

ભારતીય વિદ્યા ભવન અમદાવાદ કેન્દ્ર સંચાલિત શેઠ આર. એ. કોલેજ ઓફ આર્ટસ & કોમર્સ કોલેજમાં ત્રણ (૩) જુનિયર ક્લાર્ક તથા શેઠ આર. એ. કોલેજ ઓફ સાયન્સમાં એક (૧) સિનિયર ક્લાર્કની ખાલી પડેલ જગ્યા માટે તારીખ 11/10/2025 નારોજ સંસ્થા દ્વારા આપવામાં આવેલ જાહેરાત ના અનુસંધાને સમય મર્યાદામાં મળેલ અરજીઓ પૈકી સંપૂર્ણ લાયકાત ધરાવતા તથા વયમર્યાદામાં આવતા ઉમેદવારોને નીચેની વિગતો થી પ્રથમ સ્પર્ધાત્મક ભરતી પરીક્ષા અંગેના પત્રો સ્પીડ પોસ્ટ થી મોકલાવેલ છે.

આમ, છતાં ઉમેદવારોને જાણ કરવામાં આવે છે કે ઉમેદવારે **પાસપોર્ટ સાઇઝના ફોટા તથા ઓરીજીનલ ફોટો આઈડી** (આધારકાર્ડ/ પાન કાર્ડ/ ડ્રાઈવિંગ લાયસન્સ વગેરે) સાથે પરીક્ષાના સમય કરતા **એક કલાક અગાઉ** પરીક્ષા સ્થળે અચૂક પહોંચી જવાનું રહેશે. અન્ય સૂચનાઓ આ સાથે આપેલ છે તે પ્રમાણે અનુસરવાનું રહેશે.

જે ઉમેદવારે પોતાનો ફોટો અને સહી અપલોડ કરેલ નથી તેઓએ નીચેની જે તે પોસ્ટ મુજબની આપેલી લિંક પર ફોટો અને સહી અપલોડ કરવા.

## સિનીયર ક્લાર્ક

Link: https://forms.gle/yrVtwHeQgPgyKwPbA

**સિનીયર ક્લાર્ક પરીક્ષા સમય : ૧૧.૦૦ થી ૧૨.૦૦ (એક કલાક)** **પ્રશ્નપત્ર ગુણ:- ૧૦૦ (માર્કસ)**
**પરીક્ષા તારીખ: ૩૦-૧૧-૨૦૨૫ (રવિવાર)**
**પરીક્ષાનું સ્થળ :- ભવન્સ શેઠ આર એ કોલેજ ઓફ સાયન્સ,**
**વિદ્યાગૌરી નીલકંઠ માર્ગ, ખાનપુર અમદાવાદ - ૩૮૦૦૦૧**

## જુનીયર ક્લાર્ક

Link: https://forms.gle/q8fBW5NeMwzVng8Q6

**જુનીયર ક્લાર્ક પરીક્ષા સમય : ૦૨.૦૦ થી ૦૩.૦૦ (એક કલાક)** **પ્રશ્નપત્ર ગુણ:- ૧૦૦ (માર્કસ)**
**પરીક્ષા તારીખ: ૩૦-૧૧-૨૦૨૫ (રવિવાર)**
**પરીક્ષાનું સ્થળ :- ભવન્સ શેઠ આર એ કોલેજ ઓફ આર્ટસ & કોમર્સ,**
**વિદ્યાગૌરી નીલકંઠ માર્ગ, ખાનપુર અમદાવાદ - ૩૮૦૦૦૧**

૧. પરીક્ષામાં હાજર રહેવા બાબતના મોકલાવેલ **પત્ર સાથે** પરીક્ષા માટે ઉમેદવારે સ્વખર્ચે આવવાનું રહેશે.

૨. નિયત સમય પહેલા **એક કલાક અગાઉ** જણાવેલ પરીક્ષા સ્થળે હાજર રહી નિયત પત્રકમાં સહી કરવાની રહેશે.

૩. દરેક ઉમેદવારે **એક પાસપોર્ટ સાઇઝનો ફોટો તથા ઉમેદવારે એક ફોટો આઇ.ડી (આધાર કાર્ડ/ પાન કાર્ડ/ ડ્રાયવિંગ લાયસન્સ વગેરે) સાથે લાવવું ફરજીયાત છે.** અન્યથા પરીક્ષાખંડમાં દાખલ થવા દેવામાં આવશે નહીં

૪. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતિ ધ્યાનમાં આવશે તો તે ઉમેદવારને સંપૂર્ણ ગેરલાયક ઠરાવવામાં આવશે અને બાકીની સ્પર્ધાત્મક પરિક્ષામાંથી બાકાત કરવામાં આવશે.

૫. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારના ઇલેક્ટ્રોનિક ઉપકરણો (કેલ્ક્યુલેટર, મોબાઇલ ફોન, સ્માર્ટ વોચ, સ્માર્ટ પેન, સ્માર્ટ ચશ્માં વગેરે) નો ઉપયોગ કરી શકાશે નહીં.

૬. ઉમેદવારે માત્ર **બ્લેક અને બ્લુ પેનનો** જ ઉપયોગ કરવાનો રહેશે અન્ય કોઈપણ પ્રકારની પેન કે પેન્સિલનો ઉપયોગ OMR શીટમાં રાઉન્ડ માર્ક માટે કરવો નહીં.

૭. ગુજરાત સરકાર અને યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ તેમજ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા અપાયેલ **એન.ઓ.સી મુજબ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરના પ્રસ્થાપિત નિયમો અને પરિક્ષાના માળખા મુજબ આ પરીક્ષા યોજવામાં આવશે.**

૮. દરેક **પ્રશ્ન ૦૧(એક) ગુણ** નો રહેશે.

૯. ઉમેદવારે **બધા જ પ્રશ્નોના જવાબ આપવાના** રહેશે.

૧૦. ખોટા જવાબ દીઠ, છેકછાક વાળા જવાબદીઠ કે એક કરતાં વધુ વિકલ્પ પસંદ કરેલા જવાબદીઠ મેળવેલ ગુણ માંથી **૦.૨૫ ગુણ કમી** કરવામાં આવશે. **એટલે કે નેગેટીવ માર્કીંગ લાગુ પડશે .**

૧૧. દરેક પ્રશ્નોના જવાબમાં **"NOT ATTEMPTED" નો** એક વિકલ્પ **"E"** રહેશે. ઉમેદવાર કોઈ પ્રશ્નનો જવાબ આપવા ઇચ્છતા ના હોય તો આ વિકલ્પ પસંદ કરી શકશે અને **"NOT ATTEMPTED" નો** વિકલ્પ **"E"** કરવાના કિસ્સામાં **નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહીં ,**

૧૨. પ્રશ્નના આપેલા બધા વિકલ્પોમાંથી કોઈપણ વિકલ્પ પસંદ નહીં કરવામાં આવે તો મેળવેલ ગુણ માંથી **૦.૨૫ ગુણ ઓછા (નેગેટીવ માર્કીંગ) કરવામાં આવશે.**